આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

14 દિવસ બાકી મતદાન

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૬૪ | ૪ ડિસેમ્બર, ૨૦૧૨, મંગળવાર; કારતક વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



**COSMOS MANPOWER PVT. LTD.**

Cosmos Group is a Multifaceted Company

ISO 9001- 2008

**We Need:-**

1. **Marketing Executives :** Graduate having own vehicle & computer Knowledge.
2. **Placement Officer :** Graduate/under graduate male/female with good command over English & computer Knowledge.
3. **Spray Painter :** 2 year Experience
4. **Assembly/maintenance fitter :**
5. **Field officer :** Experience in service industry & having own vehicle
6. **Computer operator :** Experience in service industry & good knowledge in computer
7. **Marketing engineer :** Dip/B.E -Electrical/electronics with excellent communication skill
8. **P.A to Director :** Having min-1 yrs exp. Young smart female. Good command over English & computer skills.
9. **Accountant Asst. :** Knowledge of Tally necessary
10. **Garden Designer :** Knowledge in AutoCAD


# જિલ્લાની પાંચ બેઠકો પર ૪૩ ઉમેદવારો જંગમાં

## જિલ્લાનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યું : કલોલમાં કોંગી બળવાખોર ગમાજી ઠાકોર અપક્ષ ઉમેદવાર તરીકે જંગમાં, ૨૭ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચતા કલોલમાં ૧૪, ગાંધીનગર (ઉ)માં ૮, દહેગામ, માણસા અને ગાંધીનગર (દ)માં સાત-સાત ઉમેદવારો જંગમાં રહ્યા

ગાંધીનગર, તા. ૩ ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પર ૪૩ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે. આ પાંચેય બેઠકો પર બહુકોણીય જંગ ખેલાઈ રહ્યો છે. જેમાં સૌથી વધુ ઉમેદવારો કલોલ વિધાનસભા મત વિસ્તારમાં છે. જ્યાં ૧૪ ઉમેદવારો વચ્ચે આ જંગ ખેલાશે.

ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના આંજના અંતિમ દિવસે ૨૭ ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્રો પાછા ખેંચતાં હવે ૪૩ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. અપક્ષ ઉમેદવારોને સ્પર્ધામાંથી ખસી જવા માટે સમજાવવામાં રાજકીય પક્ષોના મહારથીઓ મહદ્અંશે સફળ રહ્યા છે.

ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના આજના અંતિમ દિવસે ગાંધીનગર (ઉ) બેઠક પરથી જનતાદળ (યુવા)ના ઉમેદવાર રબારી અમૃતભાઈ તેમજ દહેગામ બેઠક પરથી ગુજરાત પરિવર્તન પાર્ટીના વિપુલ અમીને ઉમેદવારી પાછી ખેંચતાં જિલ્લાના રાજકીય વર્તુળોમાં આશ્ચર્ય ફેલાયું છે. તેમજ આ મુદ્દાને લઈ અનેક તર્ક વિતર્ક સાથેની વાતોએ લોકમુખે સ્થાન લીધું છે.

કલોલ બેઠક પર કોંગ્રેસ પક્ષમાંથી બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવનાર ગમાજી ઠાકોરે તેમની અપક્ષ ઉમેદવારી ચાલુ રાખતાં કોંગ્રેસ પક્ષમાં આ મુદ્દે ચર્ચાઓ શરૂ થઈ જવા પામી છે.

આ બેઠક પરથી સનાતન સમાજના ઉમેદવાર તરીકે ઉમેદવારી કરનાર ધરમદાસ બાપુએ આજે તેમની ઉમેદવારી પાછી ખેંચી લીધી છે.

જિલ્લામાં નોંધાયેલા ૯,૯૫ હજાર મતદારો હવે ૧૭મીએ તેમના મતાધિકારનો ઉપીયોગ કરી પોતાના પ્રતિનિધિને ચૂંટશે.

આ જંગમાં ૨૨ જેટલા અપક્ષ ઉમેદવારો રાજકીય સમીકરણો બદલવામાં મહત્વની ભુમિકા ભજવશે તેવી પર્યાવરણ રાજકીય વર્તુળોમાં જાગી છે.

ઉમેદવારી પત્ર પાછુ ખેંચવાની પ્રક્રિયા આજે બપોરે ૩ વાગે સંપન્ન થયા બાદ સ્પર્ધામાં રહેલા ઉમેદવારોને પ્રતીક ફાળવણી સહિતની કામગીરી તંત્રએ

● અનુસંધાન પાન-૭ પર


**જોઈએ છે**

પી.ટી.સી. તેમજ બી.એ. બી.એડ., બી.એસ.સી. બી.એડ., ગણિત - વિજ્ઞાન (માધ્યમિક વિભાગ) લઈ શકે તેવા શિક્ષકોએ બાયોડેટા સાથે દિન-૩માં તા. ૭-૧૨-૧૨ સુધી સવારના ૮ થી ૧૨ સુધીમાં સ્કૂલમાં મળી જવું.

**સોરઠ કારડીયા રાજપૂત પ્રાથમિક શાળા**

વાવોલ રોડ, એમ.આર.એફ.ની બાજુમાં, સેક્ટર-૫ડી, ગાંધીનગર











**મતદાન આપણો મહાધર્મ - મતદાન અવશ્ય કરો**